RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 277, Dt.11-01-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દેશમાં જીવન રક્ષક દવાઓ મોંઘી થવાની સંભાવના

## ગુજરાતમાં ફાર્માના નાના એકમોને અસર થશેઃ દવાની અછત ઉભી થાય તેવી સંભાવનાઃ સરકારે એમ.એસ.એમ.ઈ. ક્ષેત્રમાં આવેલાં દવાના ઉત્પાદકો પર ગુણવત્તાના માપદંડ અંગેના નિયમો આકરા બનાવતા ઉત્પાદન મોંઘુ થશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિશ્વના ફાર્મા ઉત્પાદનમાં હબ ગણાતા ભારતમાં આગામી સમયમાં દવાની અછત સાથે તે મોંઘી પણ બની શકે છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા હાલમાં જ દવાના લઘુ ઉત્પાદકો માટેના નિયમોમાં ફેરફાર કરાયો તેના કારણે હવે આવશ્યક ચીજોમાં આવતી દવા હવે મોંઘી બની શકે છે.

આરોગ્ય મંત્રાલય દ્વારા હાલમાં જ ફાર્મા પ્રોડકટસ માટેની શેડયુલ 'એમ' ના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં હવે ક્વોલિટી રીવ્યુ અને ક્વોલિટી રીસ્ક મેનેજમેન્ટને ખાસ કરીને ફાર્મા ક્વોલિટી અંગે નવા માપદંડ નિશ્ચિત કર્યા છે અને શેડયુલ એમ બે દવાના માઈક્રો, સ્મોલ અને મીડીયમ (એમએમએમઈ) ક્ષેત્રમાં આવતા ફાર્મા ઉદ્યોગ માટે ફરજીયાત કરવામાં આવ્યા છે અને રૂા.૨૫૦ કરોડ કે તેથી વધુ ટર્નઓવર ધરાવતા ઉત્પાદકોએ છ માસમાં તેનું પાલન કરવું ફરજીયાત બની જશે.

જે ડેડલાઈન તા.૧ ઓગષ્ટ ૨૦૨૩ની હતી અને સાવ નાના એકમોને એક વર્ષની મુદત આપવામાં આવી હતી પણ દવાના માઈક્રો લઘુ ઉદ્યોગો માટે શેડયુલ 'એમ' નો અમલ કરવો મુશ્કેલ છે.

આરએમએમ સાથે જોડાયેલા લઘુ ઉદ્યોગ ભારતના પ્રતિનિધિ સંજય સિંગલાએ આ માહિતી આપતા જણાવ્યું કે તેનાથી માઈક્રો- લઘુ ઉદ્યોગો માટે ક્વોલિટી અપગ્રેડેશનનો ખર્ચ પોષાય તેમ નથી અને તેઓએ ધંધો બંધ કરવો પડી શકે છે. ખાસ કરીને જે દવાઓ રાષ્ટ્રીય ભાવ બાંધણા (પ્રાઈઝ કંટ્રોલ) હેઠળ આવે છે તેમાં જો આ નિયમોનું પાલન થાય તો ભાવ બાંધણા સુધીના સ્તરે ઉત્પાદન પોષાય તેમ નથી તેથી તે ઉદ્યોગો જે તે દવાનું ઉત્પાદન બંધ કરે તો તેની અછત સર્જાઈ શકે છે અને ભાવ ઘટી શકે છે.

હાલમાં જ કફ સીરપ સહિતનીભારતની દવાઓના કારણે વિદેશમાં થયેલા મૃત્યુ બાદ સરકારે આ પ્રકારની દવાઓના ઉત્પાદન કરતા એકમો માટે શેડયુલ 'એમ' જે ગુણવતા સંબંધી નવા માપદંડ છે તે લાગુ કરતા તેનો અમલીકરણ ખર્ચ ખૂબજ વધી જશે તેથી દવાઓના ભાવ વધી શકે છે અથવા જો ઉત્પાદન પોષાય તેમ ના હોય તો યુનિટ બંધ થઈ શકે છે.

# રાજકોટ સહિત રાજ્યના ચાર શહેરોથી અયોધ્યા માટે ખાસ દોડાવાશે આસ્થા ટ્રેન

## રેલ્વે રાજ્યમંત્રી દર્શના જરદોશે ટવીટ કરી માહિતી આપી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અયોધ્યા નગરીમાં રામમંદિરની પ્રાણ પ્રતિષ્ઠાને લઈ તૈયારીઓ ચાલી રહી છે. આ દરમિયાન હવે યાત્રિકોની સુવિધાને લઈ રેલવે દ્વારા ૫ ટ્રેનો શરૂ કરવામાં આવી છે. જે સંબંધિત સ્ટેશનથી અયોધ્યા જશે. આ અંગે ખુદ રેલ્વે રાજય મંત્રીએ ટ્વિટ કરી માહિતી આપી છે. આ તરફ ૫ ટ્રેનોમાંથી ૪ ટ્રેનો તો માત્ર ગુજરાતથી જ ઉપડશે. મહત્વનું છે કે, આગામી ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા યોજાનાર છે.




રેલ્વે રાજય મંત્રી દર્શના જરદોશે ડ પર લખ્યું કે, આરાધ્ય દેવ પ્રભુ શ્રી રામની નગરી અયોધ્યા ન ભારત સમગ્ર વિશ્વમાં આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે જયાં લાખો કરોડો શ્રદ્ધાળુ અયોધ્યા જવાની ઈચ્છા રાખી રહ્યા છે ત્યારે વિવિધ વિસ્તારથી સ્થિત અયોધ્યા માટે આસ્થા ટ્રેન શરૂ થવા જઈ રહી છે.

ઈન્દૌર-અયોધ્યા-ઈન્દૌર, તારીખ ૦૩ ફેબ્રુઆરી ૨૪ થી શરૂ થાય છે. ભાવનગર-અયોધ્યા-ભાવનગર, તારીખ ૦૯ ફેબ્રુઆરી ૨૪ થી શરૂ થાય છે. રાજકોટ-અયોધ્યા-રાજકોટ, તારીખ ૧૦ ફેબ્રુઆરી ૨૪ થી શરૂ થાય છે. અમદાવાદ-અયોધ્યા-અમદાવાદ, તારીખ ૧૦ ફેબ્રુઆરી ૨૪ થી ટ્રેન શરૂ થાય છે. સુરત-અયોધ્યા-સુરત, તારીખ ૧૦ ફેબ્રુઆરી ૨૪ થી શરૂ થાય છે.

# લોકસભા ચૂંટણીમાં જીત માટે ભાજપે બનાવ્યો રામ પ્લાનઃ મિશન-૨૦૨૪ને નવી ધાર અને નવી ગતિ અપાશે

## ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઉપાડયુ મિશનઃ માત્ર હિન્દુ મતો જ નહીં મુસ્લિમ વોટ બેન્ક પર પણ ભાજપની નજર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિપક્ષી ગઠબંધન સીટની વહેંચણીમાં ફસાઈ ગયું છે. હજુ સુધી ભારતીય ગઠબંધન વચ્ચે સીટની વહેંચણીની ફોર્મ્યુલા નક્કી થઈ નથી. આ સાથે જ ભાજપે જીતની હેટ્રિકનો પ્લાન બનાવી લીધો છે. ભાજપે બનાવેલી હેટ્રિક પ્લાન રેમ પ્લાન છે. R એટલે RSS, A એટલે અયોધ્યા અને M એટલે સ્ત્રીઓ અને મુસ્લિમ પરિબળ. ભાજપે રેમ પ્લાન દ્વારા આ વર્ષની લોકસભા ચૂંટણીમાં જીત માટે કેવી તૈયારી કરી છે. આવી સ્થિતિમાં આ સમગ્ર યોજના શું છે તે સમજવાનો પ્રયાસ કરીએ.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ મંગળવારે (૯ જાન્યુઆરી) અયોધ્યા પહોંચ્યા હતા. સીએમ યોગીએ પહેલા હનુમાન ગઢીમાં જઈને માથું



નમાવ્યું અને પછી રામ મંદિરના ગર્ભગૃહમાં જઈને પૂજા કરી. તેમણે રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ માટે અયોધ્યામાં ચાલી રહેલી તૈયારીઓની પણ સમીક્ષા કરી હતી. યુપીમાં લોકસભાની ૮૦ બેઠકો છે. રામ મંદિરને લઈને પાડોશી રાજય બિહારમાં પણ મોબિલાઈઝેશન થઈ રહ્યું છે. ત્યાંની ૪૦ બેઠકો દિલ્હીનો રસ્તો વધુ સરળ બનાવે છે, તેથી ભાજપ ૨૨ જાન્યુઆરીના કાર્યક્રમને ભવ્ય અને અલૌકિક બનાવવા માટે અયોધ્યાથી દિલ્હી સુધી સભાઓ કરી રહી છે.

૧૪ જાન્યુઆરી એટલે કે ખરમાસ પછી, ભાજપ મિશન ૨૦૨૪ને નવી ધાર અને નવી ગતિ આપવા જઈ રહી છે, પરંતુ આયોજન માટે તેને વિજય માટે ફૂલપ્રૂફ ફોર્મ્યુલા બનાવવાની તૈયારીની જરૂર છે. તેથી, જેપી નડ્ડાના નેતૃત્વમાં મંગળવારે દિલ્હીમાં ભાજપના મહાસચિવોની એક મોટી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં લોકસભા ચૂંટણી અને રામ મંદિરના અભિષેકને લઈને રણનીતિ બનાવવામાં આવી હતી. ૨૦૨૪ની ચૂંટણીમાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ મહત્ત્વનો મુદ્દો બનવા જઈ રહ્યો છે અને ભાજપ પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમને ઐતિહાસિક બનાવવા માટે કોઈ કસર છોડી રહી નથી.

પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમને વિશ્વ વિખ્યાત બનાવવા માટે ભાજપને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો પણ સંપૂર્ણ સહયોગ મળી રહ્યો છે. સંઘે ૨૪ માર્ચ સુધીમાં લગભગ ૨.૫ કરોડ શ્રદ્ધાળુઓને અયોધ્યા જવા દેવાની યોજના બનાવી છે. દરેક ૧૦૦ ભક્તો માટે, વ્યવસ્થાની દેખરેખ માટે સંઘના એક સ્વયંસેવકની નિમણૂક કરવામાં આવશે. ટેન્ટ સિટીમાં ભોજન માટે પણ જબરદસ્ત વ્યવસ્થા કરવામાં આવી છે. આ સિવાય અયોધ્યાના દરેક ઘરમાં પરબિડીયા મોકલવાની તૈયારીઓ પણ ચાલી રહી છે, જેમાં લોકો પોતાના ઘરે બનાવેલા રોટલા ભક્તોને ભોજન માટે આપશે.

# સ્મૃતિ ઈરાનીને મદીનામાં જોઈ મુસ્લિમ કટ્ટરપંથીઓ સાઉદી પર ભડક્યા, પ્રિન્સની ઝાટકણી કાઢી

## સાઉદી અરેબિયા ગયેલા કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ મદીનાની મુલાકાત લેતા કટ્ટરપંથીઓને વાંધો પડ્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સાઉદી અરેબિયાની મુલાકાતે ગયેલા ભારતના કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ મુસ્લિમોના સૌથી પવિત્ર શહેર મદીના (ખફમશક્ષફ)ની મુલાકાત લીધી હતી. મદીનાના પ્રથમવાર કોઈ બિન-મુસ્લિમ ભારતીય પ્રતિનિધિમંડળ પહોંચ્યું છે. તેમના પ્રવાસની તસવીરો સોશિયલ મીડિયા પર આવતા જ મુસ્લિમ કટ્ટરપંથીઓએ સાઉદી અરેબિયાને નિશાન બનાવ્યું શરૂ કર્યું છે.

સ્મૃતિ ઈરાનીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર મદીનાની તસવીરો શેર કરી છે. જેને જોતાં જ કટ્ટરપંથીઓ નારાજ થયા છે. ભારતીય કેન્દ્રીય મંત્રીની મુલાકાતની ટીકા કરનારાઓનું કહેવું છે કે, સાઉદી અરેબિયાએ બિન-મુસ્લિમ મહિલાને મદીનાનો પ્રવાસ કરવાની મંજૂરી ન આપવી જોઈએ. ટીકાકારો સાઉદી અરેબિયાના પ્રિન્સ




મોહમ્મદ બિન સલમાન અલ સઉદીની પણ ટીકા કરી રહ્યા છે.

સ્મૃતિ ઈરાનીએ મદીના યાત્રા અંગે એક્સ પર લખ્યું કે, 'મદીનાનો ઐતિહાસિક પ્રવાસ કર્યો, ઈસ્લામના સૌથી પવિત્ર શહેરમાંથી એકમાં પયગંબરની મસ્જિદ અલ મસ્જિદ અલ નબવી, ઉહુદના પહાડ અને ક્યૂબા મસ્જિદ - ઈસ્લામની પ્રથમ મસ્જિદની પરિધિમાં સામેલ છે.' ત્યારે તેમની આ પોસ્ટ જોઈ મુસ્લિમ કટ્ટરપંથીઓ લાલચોળ થઈ ગયા છે. આ લોકોએ સાઉદી પ્રિન્સને પણ છોડ્યા નથી.

# ભારતનો જબરદસ્ત રહેશે ગ્રોથ રેટઃ વર્લ્ડ બેન્કને ભરોસો, અંદાજિત આંકડા રજૂ કરાયા

## ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્રઃ વર્લ્ડ બેંક માને છે કે ભારતની આ સ્થિતિ અકબંધ રહેશે

**મુખ્ય સમાચાર, મુંબઈ**

વર્તમાન સમયમાં ભારતીય અર્થતંત્રનું અપેક્ષા કરતા વધુ સારું પ્રદર્શન રહ્યું છે. હાલમાં જ સરકારે ચાલુ નાણાકીય વર્ષ માટે જીડીપી વૃદ્ધિ દરના અંદાજ વધારો કર્યો છે. તેમજ વર્લ્ડ બેંકને લાગે છે કે ભારતની આ સ્થિતિ અકબંધ રહેશે, વૈશ્વિક મંદી હોવા છતાં પણ આવનાર વર્ષોમાં ભારતીય અર્થવ્યવસ્થા જોરદાર ગતિએ આગળ વધશે.

નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા ફર્સ્ટ એડવાન્સ અંદાજ મુજબ, ચાલુ નાણાકીય વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ દર ૭.૩



ટકા રહી શકે છે. આ અંદાજ રિઝર્વ બેંકે આપેલા અંદાજ કરતા વધુ છે. રિઝર્વ બેંકે ડિસેમ્બર ૨૦૨૩ના MPC પછી કહ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ભારતનો આર્થિક વિકાસ દર ૭ ટકા રહી શકે છે. ૭ ટકાનો વિકાસ દર એવું દર્શાવે છે કે ભારત વર્તમાન સમયમાં દુનિયામાં સૌથી વધુ વિકાસ કરતુ અર્થતંત્ર છે.

વર્લ્ડ બેંકનું અનુમાન છે કે ૨૦૨૪-૨૫માં વૈશ્વિક મંદી પછી પણ ભારતનો આર્થિક વિકાસ દર ૬.૪ ટકા રહી શકે છે. જેના પરથી એવું કહી શકાય કે ભારત પર વૈશ્વિક મંદીની અસર પડશે પરંતુ તે અસર મર્યાદિત રહેશે. જો કે, વિશ્વની અન્ય કોઈપણ મોટી અર્થવ્યવસ્થાની તુલનામાં ભારતનો ૬.૪ ટકાનો વિકાસ દર પણ સૌથી વધુ હશે. વર્લ્ડ બેંકે તેના તાજેતરના ગ્લોબલ ઈકોનોમિક પ્રોસ્પેક્ટ્સના રિપોર્ટમાં કહ્યું છે કે આવનારા વર્ષોમાં ભારતમાં રોકાણમાં થોડો ઘટાડો થવા છતાં રોકાણ મજબૂત રહેશે. ભારતમાં રોકાણને સરકારી રોકાણમાં વધારો અને કોર્પોરેટ બેલેન્સ શીટ્સ દ્વારા ટેકો મળશે.

વર્તમાન નાણાકીય વર્ષ પરથી કહી શકાય કે ભારતીય અર્થતંત્ર માટે વર્લ્ડ બેંકનો વિકાસ અંદાજ રિઝર્વ બેંક અને ગજ્ઘ કરતા ઘણો ઓછો છે. જેમાં વર્લ્ડ બેંકે રિઝર્વ બેન્કના ૭ ટકા અને ગજ્ઘના ૭.૩ ટકાની તુલનામાં ૬.૩ ટકા વૃદ્ધિ દરનો અંદાજ મૂક્યો છે. જો કે ૬.૩ ટકા વૃદ્ધિ દરનો અંદાજ પણ અન્ય અર્થતંત્રની તુલનામાં સૌથી વધુ છે. પરંતુ તેમ છતાં વર્લ્ડ બેંકે વૈશ્વિક અર્થવ્યવસ્થાનો વિકાસ દર ૨૦૨૩માં ૨.૬ ટકાના અંદાજની સરખામણીએ ૨૦૨૪માં ઘટીને ૨.૪ ટકા થવાની આગાહી કરી છે. આ સાથે જ વર્લ્ડ બેંકે આ સમયને છેલ્લા ૩૦ વર્ષમાં વૈશ્વિક અર્થવ્યવસ્થાનો સૌથી નબળો અડધો દાયકા ગણાવ્યો છે.

# સુરતમાં ચાલતા ગેરકાયદેસર કોલ સેન્ટર પર સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમ ત્રાટકી

## ૭ શખ્સોની ધરપકડ કરી રૂા.૪.૩૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યોઃ સુત્રધાર સહિત બેની શોધખોળ

**મુખ્ય સમાચાર, સુરત**

વેસુમાં ભાડેની ઓફિસમાં શેર માર્કેટમાં રોકાણના નામે બેનંબરમાં ચાલતા કોલ સેન્ટરનો ગાંધીનગરની વિજીલન્સે પર્દાફાશ કર્યો છે. વિજીલન્સે કોલ સેન્ટરના સૂત્રધારના સગીર ભાઈ સહિત ૭ને પકડ્યા છે. જેમાં બે યુવતીઓ પણ છે. લેપટોપ, ૩૭ મોબાઈલ અને રોકડ સાથે ૪.૩૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

વેસુ સોમેશ્વરા સ્કેવરમાં ત્રીજા માળે કોલ સેન્ટર ચાલતું હોવાની બાતમીના આધારે ગાંધીનગર વિજીલન્સે બુધવારે બપોરે રેડ પાડી હતી. સૂત્રધારનો સગીરનો ભાઈ આ કોલ સેન્ટર ચલાવતો હતો. સોશિયલ મીડિયા પરથી ગ્રાહકોના ડેટા મેળવી શેરબજારમાં રોકાણ કરવા



ટીપ આપતા હતા. ટેલીકોલરોને કમિશન પણ આપવામાં આવતું હતું. છેલ્લા એક વર્ષથી ચાલતા કોલ સેન્ટરમાં લાખો-કરોડોની ઓનલાઇન ચીટીંગ થઈ હોવાની વાત છે. વિજીલન્સે લેપટોપ અને કોમ્પ્યુટરમાં ડેટા ચેક કર્યા તો તેમાં ઘણા ગ્રાહકોના નામો મળ્યા હતા.

હાલમાં ૩૦૦થી વધુ ગ્રાહકો સાથે લાખોની ચીટીંગ થયાનું સામે આવ્યું છે. કોલ સેન્ટરનો માસ્ટર માઇન્ડ સુરતનો આવેશ ઉર્ફે એલીશ અસફાક શેકાની અને જામનગરનો દીપેશ લલીતચંદ્ર ભૂટ છે. હાલમાં વિજીલન્સે બન્ને વોન્ટેડ જાહેર કર્યા છે.વિજીલન્સની રેડ દરમિયાન ત્યાં ૧૯ જણાનો સ્ટાફ હતો. ૧૫ યુવતી અને ૪ યુવકો હતા. મોટેભાગની યુવતીઓ ટેલીકોલર તરીકે કામ કરતી હતી. હાલમાં વિજીલન્સે ૨ યુવતીઓની કોલ સેન્ટરમાં સંડોવણી હોવાથી કાર્યવાહી કરી છે. જ્યારે અન્ય યુવતીઓ એપ્રેન્ટિસ તરીકે કામ કરતા હોવાનું વિજીલન્સના સ્ટાફે જણાવ્યું છે.

# સુરેન્દ્રનગરના સાયલામાં નવાણીયા રોડ પર મસમોટુ જુગારધામ ઝડપાયુંઃ ૧૧ જુગારીઓ ઝબ્બે

## સ્થાનિક પોલીસની મીઠી નજર હેઠળ લાંબા સમયથી ચાલતી જુગારની કલબ પર એસએમસી ત્રાટકીઃ રૂા.૧૬.૩૧ લાખનો મુદ્દામાલ કબ્જે

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર એસએમસીએ સપાટો બોલાવીને સાયલામાંથી મસમોટુ જુગારધામ ઝડપી પાડ્યું હતું. જેમાં સાયલાના નવાણીયા રોડ ઉપર ઘણા સમયથી જુગાર ચાલી રહ્યો હતો. આ દરોડામાં ૧૧ જુગારીઓ ઝડપાયા અને ૭ જુગારીઓ નાસી છૂટવામાં સફળ થયા હતા.

સુરેન્દ્રનગર એસએમસીના પોલીસ ઇન્સ્પેક્ટર કે.બી.સંખલા સહીતની ટીમે આ જુગારધામના દરોડામાં પોલીસે થાર કાર, કીયા કાર સહીત જુગારીઓ જિલ્લાભરમાંથી જુગાર ખેલવા આવેલા જુગારીઓને ઝબ્બે કરી કાયદેસરની



કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં જીતુ પરમાર નામનો મુખ્ય આરોપી નાસી ગયો હતો.

આ જુગારધામના દરોડામાં સુરેન્દ્રનગર પોલીસ બેડામાં નામોશી લાગી હતી. અને સ્ટેટ મોનિન્ટરિંગ સેલ ગાંધીનગરે રેડ કરતા પોલીસ બેડામાં પણ દોડધામ મચી જવા પામી હતી. આ જુગાર અંગેના દરોડામાં મોડી રાત સુધી પોલીસની કામગીરી ચાલુ રહી હતી. આ ઘટનામાં પોલીસે રોકડા રૂ. ૪,૪૦,૦૦૦, મોબાઈલ નંગ- ૧૩ કિંમત રૂ. ૭૧,૦૦૦ અને એક થાર કાર, એક કીયા સેલ્ટોસ કાર અને એક મોટરસાયકલ કિંમત રૂ. ૧૧,૨૦,૦૦૦ મળી કુલ રૂ. ૧૬,૩૧,૦૦૦નો મુદ્દામાલ ઝબ્બે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં થયેલ મોટરસાયકલની ચોરીનો ભેદ ઉકેલાયો, એક આરોપી ઝડપાયો


**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં બે દીવસ પહેલા થયેલ મોટર સાયકલ ચોરીનો ગુન્હો ડીટેક્ટ કરી એક ઈસમને ચોરીમા ગયેલ મો.સા. કી.રૂ ૧,૨૫ , , ૦૦૦ નુ કબ્જે કરી ગુનાનો ભેદ ઉકેલતી જામનગર સીટી.બી. ડીવીઝન પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોર્ડ વાહન ચોરીના તેમજ ઘરફોડ ચોરીના બનતા બનાવોને અટકાવવા તેમજ અન્ડીટેકટ ગુન્હાઓ શોધી કાઢવા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ તથા નાયબ પોલીસ અધીક્ષક ડી.પી.વાઘેલાની સુચના અને પોલીસ ઈન્સપેકટર એન.એ.ચાવડાના માર્ગદર્શન મુજબ તથા સર્વેલન્સ સ્ટાફના માણસો પ્રયત્નશીલ હતા જામનગર સીટી બી ડીવી.પો.સ્ટે . ભાગ અ ગુ.ર.નં.૧૧૨૦૨૦૦૯૨૪૦૦૭૨.૨૦૨૪.આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબનો ગુન્હો વણશોધાયેલ હતો આ કામે ફરીયાદીનુ ગૂરૂદ્વારા ચોકડી સામે તેઓનુ લાલ કલરનુ રોયલ ઈન્ફીલ્ડ બુલેટ મો.સા જેના રજી નં જીજે - ૨૩ - ડી.ઈ .૨૦૧૯ વાળુ પાર્ક કરેલ હતુ તે જગ્યાએથી કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ જતા ઉપરોક્ત નંબરથી ગુન્હો દાખલ થયેલ હોય સદર ગુન્હા શોધી કાઢવા સર્વેલન્સ સ્ટાફના માણસો પ્રયત્નશીલ હતા દરમ્યાન સ્ટાફના પો.કોન્સ મયુરરાજસિંહ જાડેજા તથા પો.કોન્સ કલ્પેશભાઈ અઘારાને ખાનગી રાહે હકીકત મળેલ કે ઉપરોક્ત ગુન્હાના કામે ચોરી થયેલ મો.સા સાથે એક ઈસમ ગુલાબનગર રીલાયન્સ પેટ્રોલપંપ પાછળ



વાંજા વાસમા આટા ફેરા કરે છે જે હકીકત આધારે સ્ટાફના માણસો વાંજાવાસમાં અલગ અલગ જગ્યાએ વોચમા રહેતા ઉપરોક્ત મો.સા સાથે એક ઈસમ નીકળતા તેને રોકી મો.સા ચાલકની પુછપરછ કરતા મજકુર ઈસમ પોતાનુ નામ ભાવેશ પ્રવીણભાઈ ચૌહાણ ઉ.વ ૧૯ ધંધો મજુરી રહે ગામ જીલરીયા તા.પડધરી જી.રાજકોટ હાલ મેટોડા જી.આઈ.ડી.સી.ગેટ નં ૦૩ કાલાવાડ રોડ જી.એમ.વાલ્વ કારખાના પાસે રાજકોટ હોવાનુ જણાવેલ જેની પાસે રહેલ મો.સા જોતા લાલ કલરનુ રોયલ ઈન્ફીલ્ડ બુલેટ મો.સા.હોય જેના આગળ પાછળ નંબર જોતા જીજે ૨૩ - ડી.ઈ .૨૦૧૯ જોવામા આવેલ જેના જેના ચેસીસ નં . ME3U3S5C2KH694858 તથા એન્જીન નં.U3S5C2KH614286 જોવામા આવેલ જેનેજેને પોકેટકોપ મોબાઇલ એપ્લીકેશનમાં સર્ચ કરતા રજી . નંબર જીજે - ૨૩ - ડી.ઈ .૨૦૧૯ના હોવાનુ જાણવા મળતા જે મોટરસાઇકલ બાબતે મજકુરને પુછપરછ કરતા મજકુરે બે દીવસ પહેલા જામનગર ગૂરૂદ્વારા ચોકડી સામેથી ચોરી કરેલ હોવાનુ જણાવતા અને આ અંગે ઉપરોક્ત નંબરથી ગુન્હો દાખલ થયેલ હોય જેથી સદર મોટરસાઇકલ ની કિ.રૂ .૧,૨૫,૦૦૦ - ગણી પો.હેડ.કોન્સ રાજેશભાઈ વવેગડે ધોરણસર અટક કરી ત.ક.અ.ને શોપી આપેલ છે આ ગુનો ખાનગી બાતમીદારો તથા સી.સી.ટી.વી.કેમેરા તથા પોકેટ - કોપ મોબાઈલ ની મદદથી આ ગુનો શોધી કાઢેલ છે આ કામગીરી ઈ.પો.ઇન્સ . એન.એ.ચાવડા, એ.એસ.આઇ. મુકેશસિંહ રાણા. પો.હેડ.કોન્સ. રાજેશભાઇ વેગડ , ક્રિપાલસિંહ સોઢા ,પો.કોન્સ . સંજયભાઈ પરમાર ,હીતેશભાઈ મકવાણા , પ્રદીપસિંહ રાણા , કલ્પેશભાઈ અઘારા ,જયદીપસિંહ જાડેજા ,મયુરરાજસિંહ જાડેજા. વિપુલભાઈ ગઢવી દ્વારા કરવામાં આવેલ છે.

# જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ કાનાલુસ પાસે ખાનગી લક્ઝરી બસ પલટી મારી જતા ૧૦ ઘાયલ, બેની હાલત ગંભીર



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર- ખંભાળિયા ધોરી માર્ગ પર કાનાલુસ ગામના પાટીયા પાસે મોડી સાંજે ખાનગી બસ પલટી મારીને રોડથી નીચે ઉતરી ગઈ હતી. જે બસની અંદર બેઠેલા મુસાફરો પૈકીના ૧૦ વ્યક્તિને નાની મોટી ઈજા થઈ છે, અને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે, જેમાં બે વ્યક્તિની હાલત ગંભીર ગણાવાઇ રહી છે.જામનગર- ખંભાળિયા ધોરી માર્ગ પર કાનાલુસ ગામના પાટીયા પાસે મોડી સાંજે ખાનગી લક્ઝરી બસ પલટી મારીને રોડથી નીચે ઉતરી ગઈ હતી. જે બસની અંદર બેઠેલા મુસાફરો પૈકીના ૧૦ વ્યક્તિને નાની મોટી ઈજા થઈ છે, અને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે, જેમાં બે વ્યક્તિની હાલત ગંભીર ગણાવાઇ રહી છે. આ અકસ્માત બાદ ૧૦૮ની ટીમ અને પોલીસ તંત્ર દોડતું થયું છે.આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર કાનાલૂસ ગામના પાટીયા પાસે સાતેક વાગ્યાના અરસામાં એક ખાનગી બસ કે જે મોટી ખાવડી થી કેટલાક ખાનગી કંપનીના કર્મચારીઓને લઈને જામનગર તરફ આવી રહી હતી, જે બસ અકસ્માતે પલટી મારીને રોડથી નીચે ઉતરી ગઈ હતી.આ અકસ્માતમાં બસની અંદર બેઠેલા મુસાફરોને નાની મોટી ઈજા થઈ હતી, અને ભારે અફડા તફડીનો માહોલ સર્જાયો હતો. સૌપ્રથમ ૧૦૮ની ટીમને જાણ કરાતાં ૧૦૮ ની ટુકડી ઘટના સ્થળે પહોંચી હતી, તેમજ અન્ય ખાનગી કંપનીની એમ્બ્યુલન્સ પણ બનાવના સ્થળે પહોંચી હતી, અને સૌપ્રથમ ૧૦૮ ની ટીમે ચાર ઇજાગ્રસ્તો ને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા, જેમાં બે વ્યક્તિની હાલત ગંભીર ગણાવાઇ રહી છે. આ ઉપરાંત અન્ય છ વ્યક્તિને પણ નાની-મોટી ઈજા થઈ હોવાથી ખાનગી કંપનીની એમ્બ્યુલન્સ મારફતે સિક્કા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે ખસેડાયા છે.આ અકસ્માતના બનાવની જાણ થતાં મેઘપર પોલીસ સ્ટેશન નો પોલીસ સ્ટાફ ઘટના સ્થળે, સિક્કા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં, અને જામનગરની જી.જી. હોસ્પિટલમાં પહોંચ્યો છે, અને વધુ તપાસ ચલાવાઈ રહી છે.

# જામનગરમાં હર્ષદ મિલના ચાલી વિસ્તારમાં આવેલ મકાનનો ૫.૪૦ લાખમાં સોદો થયા બાદ નહીં અપાતા લેન્ડ ગ્રેબીંગની ફરિયાદ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં લેન્ડ ગ્રેબિંગ અંગેનો વધુ એક ગુનો દાખલ થયો છે. હર્ષદ મિલની ચાલી વિસ્તારમાં એક શખ્સે પોતાનું મકાન ૫.૪૦ લાખમાં વેચાણ થી આપી દીધા પછી રકમ મેળવી લઈ મકાનનો કબજો નહીં આપી લેન્ડ ગ્રેબિંગ અંગેની ફરિયાદ અરજી કરાયા પછી મકાન માલિક સામે ગુનો નોંધવામાં આવ્યો છે.આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગર નજીક



મસીતીયા ગામમાં રહેતા અને ગેરેજ ચલાવતા યુસુફભાઈ જુસબભાઈ ખફી નામના ૩૮ વર્ષના સુમરા યુવાને હર્ષદ મિલની ચાલી વિસ્તારમાં રહેતા ગફાર જુમાભાઇ ખીરા સામે લેન્ડ ગ્રેબિંગ એકટ અંગેની ફરિયાદ નોંધાવી છે.જે ફરિયાદના અનુસંધાને આરોપી ગફારભાઈ ખીરા સામે ધી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અને અધીનિયમ ૨૦૨૦ ની કલમ ૪(૩), ૫(ગ) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી યુસુફભાઈએ આજથી બે વર્ષ પહેલાં હર્ષદ મિલની ચાલી વિસ્તારમાં રહેતા ગફર જુમાભાઈ ખીરા નામના શખ્સનું મકાન વેચાણ દસ્તાવેજથી ખરીદ કર્યું હતું, અને તેના દસ્તાવેજ બનાવી લીધા પછી પાંચ લાખ ચાલીસ હજારની રકમ ચૂકવી દીધી હતી. ત્યારબાદ ૧૫ દિવસમાં મકાન ખાલી કરી ને સોંપી દેશે તેવો વાયદો કર્યા પછી આજ દિન સુધી મકાન સોંપ્યું ન હતું, અને મકાન પચાવી પાડ્યું હતુ.જે સમગ્ર મામલો જિલ્લા કલેક્ટર સમક્ષ લઈ જવાયો હતો, અને લેન્ડ ગ્રેબિંગ અંગે અરજી કરવામાં આવી હતી. જે અંગે પોલીસ મારફતે તપાસણી કરાવાયા પછી ગેરકાયદે મકાનનો કબજો પચાવી પાડ્યો હોવાનું તારણ નીકળ્યું હોવાથી આરોપી ગફર ખીરા સામે ગુનો નોંધાયો છે.

# રીંગ રોડ-૧ તથા બેડી માલિયાસણ રોડને મજબુતીકરણ કરવાનો પ્રારંભ

**મુખ્ય સમાચાર, રાજકોટ**


રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા શહેરના રીંગ રોડ-૧ અને બેડી ચોકડીથી માલિયાસણ ચોકડી સુધીના નેશનલ હાઈ-વેના હયાત રસ્તાને મજબુતીકરણ કરવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. આ માટે રૂડાના ચેરમેન અને મનપા કમિશનર દ્વારા આ ચાર માર્ગીય રસ્તાના મજબુતીકરણ માટે રૂા.૧૯.૪૬ કરોડના ટેન્ડરને મંજૂરી આપતાં ગત શનિવારથી આ કામનો પ્રારંભ થયો છે. આ રોડની કામગીરી પૂર્ણ થવાથી જામનગર તથા રાજકોટ તરફથી અમદાવાદ તરફ જતાં વાહનોને પડતી મુશ્કેલી દૂર થશે.



# મામાને ઘરે રોકાવા આવેલી યુવતીએ ગળાફાંસો ખાધો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના દોઢિયા ગામમાં રહેતી એક યુવતીએ જામનગરમાં રહેતા પોતાના મામાના ઘેર રોકાવા માટે આવ્યા પછી ગળાફાંસો દ્વારા આત્મહત્યા કરી હતી.તાલુકાના દોઢિયા ગામમાં રહેતી નિશાબેન પાલાભાઇ પિંગળસુર નામની ૨૪ વર્ષની અપરણિત યુવતી કે જે



જામનગરનાં ગાંધીનગર નજીક મોમાઇનગર શેરી નં. ૩માં રહેતા પોતાના મામા રાજેશભાઈ બાબુભાઇ માતંગનાં ઘેર રોકાવા માટે આવી હતી. જે દર મિયાન તેણીએ કોઇ અગમ્ય કારણોસર પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસો દ્વારા આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. તેણીએ ક્યા સંજોગોમાં આપઘાતનું પગલું ભરી લીધું તે જાણવા માટે પોલીસે તપાસ શરૂ કરી છે.

# મોરબીના મહિલા પીઆઇ દ્વારા જરૂરિયાતમંદોને ધાબળા વિતરણ કરાયું

## પોલીસ પબ્લિક મિત્ર હોવાના સૂત્રને સાર્થક કરતા મોરબીના મહિલા પીઆઈએ સ્વખર્ચે ધાબળા વિતરણ કર્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી હાલમાં શિયાળો જામ્યો છે ત્યારે જરૂરિયાતમંદો ઠંડી સામે રક્ષણ મેળવી શકે તેવા ઉમદા ઉદ્દેશ્ય સાથે મોરબી મહિલા પોલીસ મથકના પીઆઇ દ્વારા રોજે રોજનું કમાઈ ખાતા લોકોને સ્વખર્ચે ધાબળા વિતરણ કરી પોલીસ પબ્લિક મિત્ર હોવાના સૂત્રને સાર્થક કરવામાં આવ્યું હતું.

ગુન્હેગાર માટે કઠોર દિલના મોરબી મહિલા પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેકટર લગધીરકા મેડમ દ્વારા મોરબીમાં રોજે રોજનું કમાઈ ખાતા શાકભાજીનો વ્યાપાર કરતા મહિલાઓ માટે ઠંડીમાં રક્ષણ માટે ગરમ ધાબળાનું વિતરણ કરી પોલીસ પ્રજાનો મિત્ર હોવાના સૂત્રને સાર્થક કર્યું હતું. પોલીસ ઇન્સ્પેક્ટર લગધીરકા મેડમ દ્વારા સ્વખર્ચે ધાબળા



ખરીદી ગરીબ જરૂરતમંદ લોકોને ધાબળા વિતરણ કરવામાં આવતા જરૂરતમંદ લોકોએ ખુશીની લાગણી વ્યક્ત કરી હતી.

# ડુંગર પોલીસ દ્વારા ઉતરાયણના પર્વમાં દોરી વાગવાથી બનતા અકસ્માત રોકવા સેફ્ટી ગાર્ડનું વિતરણ કરાયુ



**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** ડુંગર પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામા આવી હતી. ઉતરાયણ પર્વ નજીક હોય જેને લઇ રોડ પર અવરજવર કરી રહેલા ટુ-વ્હીલર ચાલકોને વાહન વ્યવહાર દરમિયાન કોઈપણ પતંગની દોરીઓથી અક્સ્માત ન થાય તે માટે ડુંગર ચોકડી પરથી પસાર થતાં ટુ-વ્હીલર ચાલકોને ઉભા રાખીને ડુંગર પોલીસ સ્ટેશનના પીઆઇ પી.એચ.ચૌધરી તેમજ પોલીસ સ્ટાફ દ્વારા બાઇક ચાલકોને સેફ્ટી ગાર્ડનું વિતરણ કરાયુ હતુ અહીં ડુંગર ચોકડી પરથી મહુવા,ભાવનગર, પાલીતાણાને જોડતો માર્ગ હોય અને મોટા પ્રમાણમાં વાહન ચાલકોની અવરજવર રહેતી હોય જેથી ડુંગર પોલીસે ઉતરાયણ પર્વ નિમિત્તે વાહન ચાલકોને ઉભા રાખી સેફ્ટી ગાર્ડનુ વિતરણ કરી સરાહનીય કામગીરી કરાઇ હતી. આ તકે પીઆઇ ચૌધરી, વનરાજભાઇ ધાખડા, મંગનભાઇ પીછડીયા, કનુભાઇ મોંભ સહિત પોલીસ સ્ટાફ જોડાયો હતો...

# મોરબીના થોરાળા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું આગમન; ઉત્સાહભેર આવકાર

**મુખ્ય સમાચાર, મોરબી**

રાજ્યભરમાં ચાલી રહેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અનવ્યે મોરબીના થોરાળા ગામે રથનું આગમન થયું હતું. જ્યાં ગામમાં ઉત્સાહભેર રથને આવકાર આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ સ્થળે પોષણયુકત આહારનું નિદર્શન સ્ટોલ, આરોગ્ય વિભાગ દ્વારા વિનામૂલ્યે આરોગ્યની તપાસ, ઉજ્જવલા યોજના,વગેરે વિભાગની યોજનાઓ અંગેના સ્ટોલ



ઉભા કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ અન્વયે ખેડૂત મિત્રોને અધ્યતન ખેતી પદ્ધતિમાં ઓછા ખર્ચે અને નેનો યુરિયા ખાતરનો સરળતાથી છંટકાવ કરતા ડ્રોન ટેકનોલોજી અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે થોરાળા ગામના આગેવાનો અને ગ્રામજનો, સરકારી વિભાગના અધિકારી/કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના નાની વાવડી ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું કરાયું સ્વાગત



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના નાની વાવડી ગામે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હંસાબેન પારેઘી અને ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગ ઉપરાંત મહાનુભાવોનાં હસ્તે નાની વાવડી ગ્રામ પંચાયતમાં સો ટકા નલ સે જલ યોજના તથા ઘઉંગ્રાહીત મોડેલ વિલેજ હેઠળ શ્રેષ્ઠ કામગીરી બદલ ગ્રામ પંચાયતને પ્રમાણપત્ર આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આ પ્રસંગે સર્વે ઉપસ્થિતોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અન્વયે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેકર્ડ કરેલો સંદેશો સાંભળી ભારતની વિકાસ યાત્રાને પ્રદર્શિત કરતી પ્રદર્શન ફિલ્મ નિહાળી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવો તથા ગ્રામજનો વિકસિત ભારત માટેના શપથ લઈને દેશના વિકાસમાં વધુને વધુ પોતાનું યોગદાન આપવા સંકલ્પબદ્ધ થયાં હતાં.

કાર્યક્રમ સ્થળે આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા ઉભા કરાયેલા પોષણયુક્ત આહારનું નિદર્શન સ્ટોલ, ટેક હોમ રાશન થકી સગર્ભા-ધાત્રી માતા, બહેનો, કિશોરીઓ, બાળકોના પોષણ માટે અતિઆવશ્યક પોષણયુક્ત આહાર વિશે નાગરિકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા પણ વિનામૂલ્યે આરોગ્યની તપાસનો સ્ટોલ ઉપરાંત ઉજ્જવલા યોજના, પશુપાલન વિભાગ, લીડ બેંક વગેરે વિભાગની યોજનાઓ અંગેના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં મોરબી તાલુકા પંચાયત પ્રમુખશ્રી અશોકભાઈ દેસાઈ, અગ્રણી સર્વશ્રી ચંદુભાઈ શિહોરા, જયંતિભાઈ પડસુંબિયા, અરવિંદભાઈ વાંસદડિયા તથા આરોગ્ય વિભાગ, આઈસીડીએસ, બેંક સહિત વિભાગના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ અને નાની વાવડીના ગ્રામજનો જોડાયા હતા.

# જામનગરની સ્વામી વિવેકાનંદ ક્રેડીટ સોસાયટીના મહિલા ડિફોલ્ટર સભાસદને એક વર્ષની જેલ સજા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની સ્વામી વિવેકાનંદ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીના સભાસદ કુસુમબેન જગદીશભાઈ ભુવાએ સોસાયટીમાંથી લોન લીધેલ હતી. આ લોન ભરપાઈ કરવા આરોપીએ ચેક આપેલો હતો, અને સોસાયટીએ ચેક બેંકમાં ડિપોઝીટ કરતા ચેક રીટર્ન થયો હતો.જેથી સોસાયટીના વકીલ દ્વારા કાયદેસરની નોટીસ આપવામાં આવેલી, તેમ છત્તા સોસાયટીના ચેક મુજબની રકમનું લેણું ભરાયેલું ન હોય તેથી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ



એક્ટ- ૧૩૮ અન્વયે આરોપી વિરુધ કોર્ટ સમક્ષ ફરીયાદ દાખલ કરાઈ હતી. અને સમન્સ મળતા મહિલા આરોપી કોર્ટ સમક્ષ હાજર થયા હતા. આ કેસ ચાલી જતાં ફરીયાદી પક્ષના પુરાવાઓ અને સોસાયટીના વકીલની દલીલોને ધ્યાને લઈ આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ હતા, અને આરોપીને ૧ વર્ષની જેલની સજા, તેમજ વાદગ્રસ્ત ચેકની રકમ રૂ.૩,૦૦,૧૧૯ નો દંડનો હુકમ કોર્ટ દ્વારા કરવામાં આવ્યો છે.

# ફ્રેન્ડ્સ યુવા સેવા ગ્રુપ હળવદ દ્વારા વિનામૂલ્ય ધાબળાનું વિતરણ કરાયું



**મુખ્ય સમાચાર, રમેશ ઠાકોર**

**હળવ:** શિયાળાની કડકડતી તી ઠંડીની શરૂઆત થાય ત્યારે જરૂરિયાતમંદ તેમજ ઠંડીમાં ઠરતા લોકોને ફ્રેન્ડસ યુવા સેવા ગ્રુપ યાદ આવે આ ગ્રુપના યુવાનો છેલ્લા ઘણા વર્ષોથી તહેવારો તેમજ ઋતુ પ્રમાણે લોકોની મદદરૂપ થવાના અનેક પ્રયાસો કરતા હોય છે તેવી જ રીતે દર વર્ષની જેમ આ વર્ષે પણ શિયાળાની શરૂઆત થતા ની સાથે જ જે રોડ ઉપર સુતેલા લોકો હોય જેની પાસે ઠંડીથી રક્ષણ મેળવવા માટે કોઈ ધાબળા કે કોઈ અન્ય વસ્તુ ન હોય તેવા લોકોને રાત્રિના સમયે સ્થળ પર જઈને વિનામૂલ્ય ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. હળવદ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૨૦૦ થી વધુ લોકોને આ વિતરણ કરવામાં આવ્યા છે અને આવનારા દિવસોમાં હજુ પણ વધુ જરૂરીયાત મંદ લોકોને સુધી પહોંચી ને વિતરણ કરવાનુ લખ્ય છે. અને ગ્રુપ દ્વારા જયા ખરેખર જરૂરિયાત છે તેવા વ્યક્તિ ને ધાબળા આપવામાં આવ્યા હતા ખરેખર યોગ્ય જ્યાં હોય જરૂર એવા વ્યકિતને જ આપણા આપવામાં આવ્યા હતા ગ્રુપ દ્વારા અને રાત્રે ૯ થી ૧:૦૦ વાગ્યા સુધી ફિલ્ડ વર્ક કરીને ગ્રુપ દ્વારા આ કાર્યને પૂર્ણ કરવામાં આવ્યું હતુ અને હજી પણ કાર્ય ચાલુ જ છે ત્યારે દરેક દાતાશ્રી નો ખુબ ખુબ આભાર અને દાતા દ્વારા અમે આ સેવા દાતાના અનુદાનથી જ આ સેવા કાર્ય કરી રહ્યા છીએ ત્યારે અનુદાન આપનાર દાતા શ્રી ખુબ ખુબ આભાર.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# ઉત્તરાયણનો માહોલ જામ્યોઃ વડાપ્રધાન મોદીના પતંગે જમાવ્યું આકર્ષણ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ઉત્તરાયણના આડે હવે ગણતરીના દિવસો બાકી રહયા છે ઉત્તરાયણનો તહેવાર હોય તો ગુજરાતી કેમ પાછા રહે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રની બજારોમાં મકરસંક્રાતિનો માહોલ હવે બરાબર જામ્યો છે. શહેરની મુખ્ય બજાર એવા સદર વિસ્તારમાં પતંગ દોરાની ખરીદીમાં ગરમી આવી છે. શહેરના તમામ વિસ્તારોમાં પતંગ દોરાનું વેંચાણ ધુમ થઈ રહયું છે. ખાસ કરીને વડાપ્રધાન નરેન્ મોદીના કટ આઉટ વાળી પતંગે ખાસ આકર્ષણ જમાવ્યું છે. આ સાથે આ વર્ષે બાળકો માટે કાર્ટુન, છોટા ભીમ, બાર્બી ડોલ જેવી પતંગો ફેવરીટ બની છે. સ્વચ્છ ભારત મિશન સહિતના આકર્ષક સૂત્રો વાળી પતંગે પણ આકર્ષણ જમાવ્યું છે. આ વર્ષે ગત વર્ષની તુલનામાં પતંગ દોરીના ભાવમાં વીસ ટકા નો વધારો જોવા મળી રહયો છે. તેમ છતાં રાજકોટીયનો હોશેહોશે પતંગ ખરીદ કરી રહયા છે. હજુ આજથી ત્રણ દિવસનો સમય રહ્યો હોય વેપારીઓ છેલ્લી ઘડીએ વધુને વધુ ખરીદી નીકળશે તેવી આશ લગાવીને બેઠા છે.

## રાજ્ય સરકારના ચોથા વર્ગના કર્મચારીઓને ૪% લેખે મોંઘવારી ભથ્થું ચૂકવવા રજૂઆત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકાર ને ભારત સરકારને અનુરૂપ રાજ્ય સરકાર ના કમેચારીઓ ને પગાર અને મોંઘવારી ભથ્થુ ચુકવવા બંધાયેલ છે.કેન્દ્ર સરકારે માહે જુલાઈ ૨૦૨૩ થી મોંઘવારી ભથ્થુ ૪ ટકા લેખે તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ જાહેરાત કરવામાં આવેલ છે. તેમ છતા હજુ સુધી ચૂકવાયું નથી. તે અંગે રાજયના સરકારી ચોથા વર્ગના કર્મચારીઓને ૪% લેખે મોંઘવારી ભથ્થું ચૂકવવા મુખ્યમંત્રી આવેદન પત્ર પાઠવાયું છે.

રાજ્ય સરકાર ના કર્મચારીઓને ભારત સરકાર ના ધોરણે આપવામાં આવતી મોંઘવારી ભથ્થુ માહે જુલાઈ ૨૦૨૩ થી જાહેરાત કરવામાં આવેલ નથી. હાલની મોંઘવારી દરમ્યાન પેટ્રોલ-ડીઝલ ખાધતેલ તથા કઠોર સહિત આવશ્યક ચીજ વસ્તુઓ ના ભાવોમાં અસહ્ય વધારો થયેલ છે.જેના કારણે રાજ્ય સરકાર ના કર્મચારીઓને આર્થિક સ્થિતિ નબળી પડેલ છે.આથી આ અસહ્ય મોંઘવારીની રાજ્ય સરકાર દ્વારા રાજ્ય સરકારના કમેચારીઓને પણ કેન્દ્ર સરકારની જેમ ઉકત જાહેરાત કરવામાં આવે તે હેતુથી મોંઘવારીનો સ્લેબ વર્તમાનમાં રહેલ ૪૨ ટકા થી ૪૬ ટકા જાહેર કરવાની માંગ કરાઇ છે.

## સમતા સૈનિકદળ બાબરા ખાતે ઐતિહાસિક કેડર કેમ્પનું આયોજન કરાયુ

સમતા સૈનિક દળ બાબરા ખાતે ઐતિહાસિક કેડર કેમ્પનું આયોજન તાજેતરમાં કરાયું હતું. આ આયોજનમાં સમતા સૈનિક દળના ગુજરાત રાજ્યના અધ્યક્ષ પી એલ મારૂ દ્વારા સૈનિકોને ટ્રેનિંગ આપવામાં આવી હતી. જેમા લાઠી ચલાવાની તેમજ અન્ય શારીરિક ટ્રેનિંગ આપવામાં આવી હતી. આ શીબીરમાં મુંબઈ ના ડેનર મહાર રેજીમેન્ટ કમાન્ડર કદમ ઉપસ્થિત રહયાં હતા. (તસ્વીરઃ બીજલ ભેસજાળીયા-જસદણ)



## માણાવદરના ભૂદેવો દ્વારા જેતપુરમાં ૨૫ કુંડી શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ યોજ્યો

### બહેરા મૂંગા શાળાના બાળકો બન્યા મુખ્ય યજમાન, વાલી અને કર્મચારીઓ પણ જોડાયા



**મુખ્ય સમાચાર, જેતપુર**

માણાવદરના ભૂદેવો દ્વારા સને ૨૦૧૯ થી શરૂ કરેલા શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞના છઠાં વર્ષના આરંભે જેતપુર નવાગઢ રેલવે સ્ટેશન સામે જૂના પાંચ પીપળીયા રોડ પર આવેલી બહેરા મૂંગા શાળામાં ગો ગાયત્રી યાગ યજ્ઞનું આયોજન સવારે ૮/૩૦ થી બપોર ના ૧૨/૩૦ સુધી કરાયું હતું. શ્રી ગો માતા અને નદી બાબાના પૂજન અર્ચનથી થયો. અબીલ ગુલાલ કંકુ ને ચોખા અને ફૂલ થી વધાવી ફૂટ અર્પણ કરાયા હતા.

અગ્નિ સ્થાપન, શ્રી ગણેશ જી પૂજન, શ્રી ગણેશ મંત્ર માળા હોમ, અમૃત કળશ સ્થાપન, સરસ્વતી પૂજન, નર્મદા પુરાણ પૂજન, ધેનુ માનસ પૂજન,માસ્તર માંથી મહાત્મા થયેલા પૂજ્ય નથુરામ શર્મા જી છબી પૂજન સ્થાપન વંદના કરી હતી. શ્રી ગાયત્રી ચાલીસા પાઠ, શ્રી ગાયત્રી મંત્ર માળા હોમ, શ્રી હનુમાન ચાલીસા દોહા હોમ , કુંજિકા સ્ત્રોત્ર પાઠ, અન્નપૂર્ણા સ્ત્રોત્ર પાઠ, ઓમ નમો ભગવતે વાસુદેવાય મંત્ર હોમ અને શ્રી સુરભી ગો માતા મંત્ર હોમ , રુદ્ર, માતાજી સહિત શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞમાં સોપારીથી બીડું અર્પણ કરવામાં આવ્યું.

વિશ્વ કલ્યાણ અર્થે ૯૦ વ્યક્તિઓ દ્વારા ૪૫૦૦૦ આહુતિઓ અર્પણ થઈ. યાગના આચાર્ય દ્વારકા વેદ પાઠ શાળાના તેજસ્વી વિદ્યાર્થી શાસ્ત્રી અનિલભાઈ જોષીએ સ્વરબંધ શુદ્ધ ઉચ્ચારણ સાથે શ્લોકોનું ગાન થયું હતું. ઉપાચાર્ય પદે કમલેશભાઈ મહેતાએ સેવા આપી હતી.

સને ૧૯૯૭ થી કાર્યરત સંસ્થાના મૂળ વિચારક ભાર્ગવીબેન દવે, પલ્લવી બેન( જોષી) દવે, જતીનભાઈ દવે, માં નર્મદાપ્રેમી ઉમેશભાઈ આશર, વિજય ભાઈ પરમાર, દિલીપ ભાઈ અશારા, ગૃહ માતા ઈલાબેન વાઢેર, ગોરાંગભાઈ પટેલ, જેતપુરના પનોતા પુત્ર અને આ સંસ્થાના ટ્રસ્ટી , વિખ્યાત ચરિત્રકાર લેખક રજનીકુમાર પંડ્યાજી, ગુરુબંધુ શાસ્ત્રી હરેશભાઈ જાની, વિખ્યાત કથાકાર ધનસુખભાઈ શાસ્ત્રી, સ્થાનિક શાસ્ત્રી, માણાવદરના બાબી પરિવારના પુત્રવધૂ અને શિક્ષણવીદ શેહનાઝબેન બાબીએ બહેરા મૂંગા બાળકોના યજમાન પદે શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ થાય તેની શુભેચ્છા પાઠવી હતી. બહેરા મૂંગા શાળાના વિદ્યાર્થી ભાઈ બહેનો એ સુંદર સજાવટ અને અતિ સુંદર કામગીરી કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ ના સંયોજક ગો ઉપાસક અને માંનર્મદાપ્રેમી બ્રહ્મપુત્ર મયૂર રાવલ કર્યું હતું.

## જેતપુરના બળદેવધાર વિસ્તારમાં ગેરકાયદે બનતા વંડાને દુર કરવા કલેકટરને આવેદન

### સ્થાનિક સત્તાધિશોએ લત્તાવાસીઓને યોગ્ય જવાબ ન આપતાં અપાઈ આંદોલનની ચિમકી

**મુખ્ય સમાચાર, હરેશ ભાલિયા**

**જેતપુરઃ** જેતપુરના બળદેવ ધાર વિસ્તારમાં કોઈ આસામી દ્વારા સાર્વજનિક પ્લોટમાં બંધાતા વંડાના બાંકામને તાત્કાલિક રોકીને લત્તાવાસીઓને પડતી હાલાકી રોકવા જેતપુર નવાગઢ નગરપાલિકાના ચીફ ઓફિસર અને મામલતદારને લેખિત રજૂઆત કરી હતી. છતાં યોગ્ય ન થતા હવે લત્તાવાસીઓએ રાજકોટ જિલ્લા કલેકટરને રજૂઆત કરી અ બાબતે દિવસ ૧૫માં ગેરકાયદેસર વંડાનું બાંધકામ દુર નહિ કરાય તો ઉગ્ર આંદોલન છેડવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ નવાગઢ ગામે જેતપુર-નવાગઢ નગરપાલીકાની હદમાં બીનઅધિકૃત બળદેવ ધુસાની ધાર, નાગબાઈ ધાર તરીકે ઓળખાતા વિસ્તારમાં સરકારની પડતર જમીન આવેલ છે. આ જમીનમાં વેલનાથ દાદાનું મંદિર તેમજ કુટુંબનના માતાજીનો મઢ આવેલ છે. સમાજને લગતી તેમજ વિકાસને લગતી પ્રવૃત્તિઓ થતી હોવાથી લોકોને અનુકુળ છે તેમજ



આ જગ્યાને સારી રીતે સાફ-સફાઈ રાખવામાં આવે છે. પરંતુ આ વિસ્તારના રાજકીય આગેવાન બળદેવભાઈ પોતાના સમાજ માટે સમાજ ઉભો કરવાની પેરવી કરી સમાજની ધાર્મિક લાગણી દુભાય તે રીતે ગેરકાયદેસર રીતે આ જગ્યામાં વંડો વાળી આ જગ્યા તેઓ પચાવી પાડવાની તજવીજ કરતા હોય તેમજ ગેરકાયદેસર રીતે બાંધકામ કરતા હોય જેને તાત્કાલીક રોકી સમાજની લાગણી ના દુભાય તેવો યોગ્ય હુકમ કરી પેશકદમી કરનારને નોટીસ આપવા રજૂઆત કરવામાં આવી છે.

રજુઆતમાં જેસીંગભાઈ મુળજીભાઈ સહિતના લત્તાવાસીઓએ જણાવ્યું છે કે, બિનઅધિકૃત જગ્યા ઉપર આ કામના આસામીઓ ગેરકાયદેસર રીતે કબજો કરી લેશે તો આ વિસ્તારમાં ટ્રાફીકની સમસ્યા ઉભી થશે અને ધાર્મિક પ્રસોંગોના સમયે લોકોને ખુબ જ મુશ્કેલીઓ ઉભી થશે તેમજ અમારા માતાજીનો મઢ તથા વેલનાથ દાદાના મંદિરની જગ્યાને આ કામના આસામીઓ પચાવી પાડશે અને અમારા સમાજમાં ખોટી રીતે ઝઘડાઓ ઉભા થશે આ બાબતે વહેલી તકે યોગ્ય નિર્ણય લઈ ગેરકાયદેસર રીતે પેશકદમી તાત્કાલીક રોકવાનો હુકમ થાય તેવી લત્તાવાસીઓએ પાલિકાના ચીફઓફિસર અને મામલતદાર સમક્ષ માંગ કરાઈ છે.

અત્રે એ નોંધનીય છે કે આ બાબતે અનેક વખત રજૂઆત કરવા છતાં સ્થાનિક પ્રસાસને ધ્યાન ન આપતા હવે લત્તાવાસીઓએ રાજકોટ જિલ્લા કલેકટરને રજૂઆત કરી ન્યાય આપવા માંગ કરી છે.

### જેતપુરમાં પૈસા આપો અને ચાઈનીઝ દોરી મેળવો

# છાને ખુણે વેચાતી ચાઇનીઝ દોરીના વેપલાને નાથવા તંત્ર વામણું સાબિત

### રાજકોટ જિલ્લા પોલીસ વડાના જાહેરનામાનો સરેઆમ ઉલાળિયો ! છે કોઈ માઈનો લાલ પ્રતિબંધિત દોરીનું વેચાણ અટકાવી શકે ?



**મુખ્ય સમાચાર, હરેશ ભાલિયા**

**જેતપુરઃ** લોકોના ગળા અને પક્ષીઓ માટે ઘાતક પુરવાર થતી ચાઇનીઝ દોરીનું જેતપુરમાં છાનેછાપને ધોમધોકાર વેચાણ થઇ રહ્યું છે. લાગતા વળગતા સત્તાધીશો આ બધું જાણતા હોવા છતાં આવી કામગીરીની લપમાં ન પડવા માંગતા હોવાનો તાલ સર્જાઈ રહ્યો છે. તત્રની આવી ખોરા ટોપરા જેવી નીતિને લીધે જેતપુર શહેરમાં આ વખતે ચાઇનીઝ દોરી કોનો ભોગ લે તેવી જાગૃત લોકોમાં દહેશત ફેલાઈ છે.

### ચાઈનીઝ દોરીના વેપારીઓને પકડવા જ હોય તો તંત્રએ જાગવુ પડશે

જાગૃત લોકો કહે છે કે, શહેરમાં અનેક જગ્યાએ વેચાતી ચાઇનીઝ દોરી ભલે તંત્રને ન દેખાય પણ જો આવું વેચાણ અટકાવવું જ હોય અને જેતપુરની પ્રજાને સલામતી બક્ષવી હોય તો શંકાસ્પદ દોરી સાથે પતંગ ઉડાડતા યુવાનો પાસે તંત્રે પહોંચી જવું જોઈએ અને જો વખતે પતંગ ઉડાવનાર પાસે ચાઇનીઝ દોરી પકડાવા પામે તો તેમને આકરી ભાષામાં પુછ્પરછ કરીને દોરી ક્યાંથી લીધી ? તે વાત ઓકાવીને ચાઇનીઝ દોરી વેચાણનું પગેરું મેળવી શકાય. ટૂંકમાં દારૂ જેવુ દુષણ નાથવા તંત્ર જેવી મોડસ ઓપરેન્ડી વાપરે છે તેવી કાર્યવાહી ચાઇનીઝ દોરી વેચાણને ભેદવા વાપરવી જોઈએ તેવું જાગૃત લોકો કહે છે.

જાણકારો કહે છે કે આગામી મકરસંક્રાંતની ઉજવણી માટે જેતપુરમાં પણ અનેક જગ્યાએ પતંગ-દોરીનું વેચાણ શરુ થઇ ગયું છે. દરેક ઉત્સવ ઉમંગભેર ઉજવાવો જ જોઈએ તેમાં કોઈની નાં ન હોઈ શકે પણ મારા-તમારા આનંદ ખાતર કોઈની જીંદગી જોખમમાં મુકાઈ જાય તેવું કૃત્ય કરવાનો મને-તમોને કે કોઈને અધિકાર નથી તેવું કહેવું પણ અમોને મુનાશીબ લાગે છે.

જેતપુરમાં આવી જ વાત સાબિત થઇ રહી છે. માત્રને માત્ર કમાઈ લેવાની લ્હાયમાં અહી અમુક વેપારીઓ છાના ખૂણે રાજકોટ જિલ્લા પોલીસ વડાએ પ્રતિબંધિત કરેલી એટલે કે આવી દોરીનો ઉપયોગ કરવા પર પાબંધીનું જાહેરનામું બહાર પાડ્યું છે તેવી ઘાતક ચાઇનીઝ દોરીનું માંગ્યા પૈસે વેચાણ થઇ રહ્યું છે. યુવાધન પણ કોઈના પતંગ કાપવાની મોજ માણવા ગમે તેટલા પૈસા ખરીદીને આવી ચાઇનીઝ દોરી ખરીદવામાં આંધળી દોટ મુકે છે પણ કદાચિત આવી દોરીનો ઉપયોગ કરનાર કે તેમના પરિવારજનો ઉપર પણ ખતરો પેદા થઇ જતો હોવાની વાત ધ્યાને ન લેવાતી હોવાથી ચાઇનીઝ દોરી કોઈના પ્રાણ હરી લેશે તેવી ચિંતા અને ડર જાગૃત લોકોમાં ફેલાયો છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે આવી ફરિયાદો જ્યારે જ્યારે ઉઠે છે ત્યારે સંબંધિતો કહેતા હોય છે કે અમોને કોઈ ફરિયાદ નથી મળી, પણ અખબારી અહેવાલોને પ્રજા સમસ્યા કે હાલાકી સમજીને તંત્રે ખાનગી રાહે તપાસ કરીને ચાઇનીઝ દોરી વેચતા તત્વોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવી જોઈએ તેવું જાગૃત લોકો કહે છે.

### પૈસા આપ્યા પછી બીજા દિવસે ચાઈનીઝ દોરીની મળે છે ડીલીવરી

જાણકારો કહે છે કે તમારે જેતપુરમાં ચાઇનીઝ દોરી જોઈતી હોય તો આરામથી મળી જાય છે પણ વેચનારની પોલીસીને તમારે અનુસરવી પડે છે જુનાગઢ રોડ થી અમરનગર રોડ સુધી અને જેતપુર શહેર વિસ્તારમાં આ પ્રકારે પોલીસી એ છે કે નસ્ત્ર આજે પૈસા આપો અને કાલે ચાઇનીઝ દોરી મેળવોસ્ત્રસ્ત્ર ખરેખર જો આ વાત સત્ય હોય તો સંબંધિતોએ પતંગ-દોરી વેચતા વેપારીઓની સધન તપાસ કરીને જો ચાઇનીઝ દોરી પકડાય આકરા પગલા ભરવા જોઈએ તેવી લોકોની માંગ છે.

# શહેરના પટેલનગરમાં કારખાનાની લીફટમાં શ્રમિકનું માથુ દીવાલ સાથે અથડાતા મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સોરઠિયા વાડી સર્કલ પાસે આવેલા પટેલ નગર શેરી નંબર ૨માં આવેલા મારુતિ હાર્ડવેર નામના કારખાનામાં એક શ્રમિક યુવક લિફ્ટમાં હતો તે વેળાએ તેનું માથું દીવાલમાં અથડાતાં તેનું ઘટના સ્થળે કરુણ મોત નિપજ્યું છે.

વિગતો મુજબ મૂળ યુપી નો અને છેલ્લા ચાર દિવસથી રાજકોટ કામ કરવા માટે આવેલો વિશાલ રાકેશ વિશ્વકર્મા નામનો ૨૦ વર્ષીય યુવક ગઈકાલે પટેલ નગર શેરી નંબર ૨માં આવેલા મારુતિ હાર્ડવેર નામના કારખાનામાં હતો ત્યારે તે લીફ્ટમાં ઉપલા માળે જઈ થયો હતો.ત્યારે તેને લિફ્ટની બહાર માથું કાઢતા તેનું માથું દીવાલમાં અથડાયું હતું જેમાં તેનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. બનવાની જાણ ફાયર અને પોલીસને થતાં સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. અને તેના મૃતદેહને પીએમ અર્થે ખસેડી ઘટનાની જાણ તેના પરિવારને કરી છે.





# આજીડેમ ચોકડી પાસે કાર ચાલકે રાહદારીને ઠોકરે ચડાવતા કરૂણ મોત

## સરધારના ભાયાસર રોડ પર બાઈક સ્લીપ થતા વૃધ્ધનું સારવારમાં મોત

**મુખ્ય સમચાર રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલના ચોપડે અકસ્માતમાં એક યુવાન અને વૃધ્ધના મોત થયા હોવાનું નોંધાયું છે.

આ અંગેની માહિતી મુજબ શહેરની ભાગોળે બાયપાસ રોડ પર હુડકો ચોકડી પાસે પીરવાડી સામે આવેલ ધરમનગરમાં રહેતો અશ્વીન ગોવિંદભાઈ બારૈયા (ઉ.વ.૩૨ નામનો યુવાન સાંજે કારખાનેથી છુટી ચાલીને ઘરે જવા માટે આજીડેમ ચોકડી પાસેથી પસાર થતો હતો ત્યારે પૂરપાટે ઝડપે આવતી અજાણી કારના ચાલકે યુવાનને ઠોકરે ચડાવતા ગંભીર હાલત માં પ્રથમ સારવારમાં ખાનગી હોસ્પિટલમાં આપ્યા બાદ વધુ સારવારમાં સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવત તેનું મોત નિપજ્યું હતું.

જયારે અન્ય એક બનાવમાં સરધાર ગામે જયદિપભાઈ વાળાના ભરડિયામાં મજુરી કામ કરતો થાવરા ઉર્ફે કાંતીભાઈ ચુડાભાઈ વીહાત (ઉ.વ.૬૦ નામના વૃધ્ધ ગઈકાલે સાંજે પોતે બાઈક લઈ સરધારથી ભાયાસર રોડ પર જતા હતા ત્યારે બાઈક સ્લીપ થતા માથામાં ગંભીર ઈજા થતા સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા ફરજ પરના તબીબોએ જોઈ તપાસી મૃત જાહેર ર્ક્યા હતા. બનાવ અંગેની જાણ આજીડેમ પોલીસમાં કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.





# રીબડાના રાજદીપસિંહે ગોંડલના ધરાળા ગામે ગરીબ પરિવારને ઘર બનાવી આપ્યુ

**મુખ્ય સમાચાર, ગોંડલ**

રીબડાના માજી ધારાસભ્ય મહિપતસિંહ ભાવુભા બાપુના પૌત્ર રાજદીપસિંહ જાડેજા યુવાનોના હદય સમ્રાટની સાથે ગરીબોના બેલી પણ બન્યા છે રાજદીપસિંહ પોતાના નામના છઅછ ફાઉન્ડેશનની સ્થાપના કરીને વૃક્ષારોપણ, ગરીબ વિદ્યાર્થી ઓને શૈક્ષણીક સહાય,મેડીકલ સહાય, ભૂખ્યાને ભોજન, ગરીબોને ઘરનું ઘર સહિતની સહાયો આ ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાત મંદ લોકોને આપવામાં આવી રહી છે.

રીબડાના યુવા ક્ષત્રિય આગેવાન અને અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભા ગુજરાતના પ્રમુખ રાજદીપસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા-રીબડાએ પોતાના નામનું છઅછફાઉન્ડેશનની સ્થાપના કરી છે. છઅછફાઉન્ડેશન દ્વારા ગોંડલ તાલુકામાં ગરીબોને ઘરનું ઘર મળી રહે તે માટે મકાન બનાવી આપવાના સંકલ્પો કર્યા છે.જેમાં ગોંડલના ધરાળા ગામે આજથી ૨૫ વર્ષ પહેલા પૂનાભાઈ નારણભાઈ ચાવડાનું નિધન થયું હતું.તેમના દિકરા પરેશભાઈ ચાવડાએ પિતાની છત્રછયા ગુમાવ્યા બાદ પરિવારની ગરીબી વચ્ચે પરિવારનું ગુજરાન ચલાવવુ મુશ્કેલ બન્યું હતું.આવા કપરા સમયમાં પરેશભાઈ ચાવડાએ પણ કોરોનાકાળ દરમિયાન અનંતની વાટ પકડી હતી. ગરીબ પરિવારમાં પુત્રના મોતને લઈને માતા અને પુત્રવધુ (સાસુવહુ)બંને નિરાધાર થઈ ગયા હતા. પરેશભાઈના અકાળે અવસાનને લઈને તેમની ૫ વર્ષની દિકરી અને ૩ વર્ષના દિકરા સહિતના સંતાનો સાથે નિરાધાર પરિવારનું ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ બન્યું હતું.આ વાતની જાણ ગ્રામજનો દ્વારા રીબડાના રાજદીપસિંહ જાડેજાને કરવામાં આવતા તેમણે તાત્કાલિક પોતાના છઅછફાઉન્ડેશન દ્વારા ગરીબ પરિવારને પાકુ મકાન બનાવી આપીને અર્પણ કર્યુ હતું. ગોંડલના ધરાળા ગામે RAR ફાઉન્ડેશન દ્વારા ગરીબ પરિવારને મકાન અર્પણ કરતી વેળાએ ફાઉન્ડેશનના સ્થાપક રાજદીપસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.આ વેળાએ ગ્રામજનો દ્વારા રાજદીપસિંહ જાડેજાને ઘોડા પર બેસાડીને ઢોલ નગારા સાથે સ્વાગત કર્યુ હતું.તો બીજી તરફ મકાન અર્પણ કરતી વેળાએ નિરાધાર ગરીબ પરિવારમાં આંસુનો દરિયો છલકાઈ જવા પામ્યો હતો.



# ટંકારાના વીરકર ગામે પરિણીતાએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના વીરપર ગામ નજીક આવેલ કારખાનાની લેબર - કોલોનીમાં પરિણીતાએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો જે બનાવને પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી ૧ છે.

ટંકારા પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો ૧ મુજબ વીરપર ગામ નજીક આવેલ ૧ અરવિંદ આર્ક ઈલેક્ટ્રોનિક કારખાનામાં ૧ રહીને મજુરી કરતા રીન્કુબેન રાયસિંગ - કોચરા (ઉ.વ.૧૯) નામના ી પરિણીતાએ લેબર કવાર્ટરમાં પંખા ૧ વડે ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ '' આપઘાત કરી લીધો હતો જે બનાવની જાણ થતા ટંકારા પોલીસ ટીમ દોડી ગઈ હતી અને મૃતદેહ પીએમ અર્થે

હોસ્પિટલ ખસેડાયો છે મૃતકનો લગ્નગાળો ૧ વર્ષનો હોવાનું જાણવા મળ્યું છે ટંકારા પોલીસે આપઘાતના બનાવની નોંધ કરી પરિણીતાએ ક્યાં કારણોસર આપઘાત કર્યો તે દિશામાં વધુ તપાસ ચલાવી છે.



# ૧૮૧ મહિલા હેલ્પલાઈન ટીમે ભૂલી પડેલી મહિલા ને સલામત રીતે પરિવારને સોંપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા ચાલતી ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઇન ટીમ મહિલાઓની મદદ માટે ૨૪ X ૭ કલાક કાર્યરત છે . એક જાગૃત નાગરિકે ૧૮૧ મહિલા હેલ્પલાઇન માં ફોન કરી જણાવેલ કે એક બહેન ભૂલા પડી ગયા હોય બહેન ની મદદ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઇન વાન બોલાવેલ ૧૮૧ ટીમ ને કોલ મળતાની સાથે ૧૮૧ ટીમ ના કાઉન્સિલર રાધિકા અસારી કોન્સ્ટેબલ શિલ્પાબેન અને પાઇલોટ શનિભાઇ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી પીડિતા ના કાઉન્સિલિંગ દરમિયાન જાણવા મળેલ કે તેઓ તેમની ભાણેજ ને મળવા માટે આવેલ હોય પરંતુ સરનામું યાદ ના રહેતા આમ તેમ ભટકેલ ત્યારબાદ તેઓ અહી અર્બન હેલ્થ સેન્ટર આવી પહોંચેલ જ્યાં તેમને તબિયત ખરાબ હોય સારવાર ની જરૂર હોય ત્યાં સારવાર લીધેલ ત્યાં તેઓ એ પોતાની ભાણેજ ના ઘરે જવા માટે સવાર વહેલા ના પોતાના ઘરે થી નીકળેલા હોય ભાણેજ નું સરનામું યાદ ના હોય તેમ જણાવેલ પીડિતા ગભરાયેલા હોય અને રડતા હોય ૧૮૧ ટીમે પીડિતા ને આશ્વાસન આપેલ તથા તેમને સાંત્વના આપેલ પીડિતા ની પાસે સામાન હોય જેમાં થી ડાયરી મળી આવેલ જેમાં તેમની ભાણેજ ને ફોન કરતા ફોન ઉપાડેલ નથી ત્યારબાદ દીકરી ના નંબર મળી આવેલ દીકરીને કોલ કરેલ તેઓ એ જણાવેલ કે તેમના માતા આવી રીતે પહેલા પણ નીકળી ગયેલ છે પીડિતા ને સમજાવેલ કે વારંવાર ઘરેથી એકલા નીકળવું નહિ ત્યારબાદ ૧૮૧ ટીમ દ્વારા પીડિતા ને તેમના દીકરી ને સુરક્ષિત સોંપેલ ત્યારબાદ પીડિતા ના દીકરી અને જમાઈ દ્વારા ૧૮૧ ટીમ નો આભાર વ્યક્ત કરેલ.




# ગ્રીનલેન્ડ ચોકડી પાસે મૈત્રી કરાર કરી સાથે રહેતી બે બહેનપણી પર યુવતીના ભાઈનો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણના ભંડારિયાની અને હાલ ભીચરી રોડ ઉપર ખેરડી ચોકડી પાસે દિલીપભાઈની વાડીમાં રહી પાણીપુરીની ફેન્ચાઈઝીમાં નોકરી કરતા માધવીબેન મોહનભાઈ વનાળીયાએ વિશાલ દિનેશભાઈ નંદેસણીયા સામે બી ડીવીઝન પોલીસમાં મારકૂટ કરી મારી નાખવાની ધમકી આપવા અંગે ફરિયાદ નોંધાવી છે.

તેણીએ ફરિયાદમાં જણાવ્યું હતુંકે પોતે વિશાલની બહેન રાધિકાને બે વર્ષથી ઓળખે છે અને બંને સારી બહેનપણી હોય સાથે રહેવા માંગતી હોવાથી ચારેક મહિના પૂર્વે અમે બંને ભાગી ગયા રાધિકાના પરિવારજનોએ અમને શોધી લીધા હતા અને તેના ભાઈ વિશાલે હવે પછી ક્યારેય મારી બહેનને મળતી નહિ નહિતર જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી છતાં અમારે સાથે રહેવાની ઈચ્છા હોવાથી અમે ૧૭/૦૭/૨૦૨૩ના રોજ મૈત્રીકરાર કરી લીધા હતા અને બંને પોતપોતાના ઘરે રહેતા હતા અને ક્યારેક ક્યારેક મળતા હતા.

દરમિયાન ગત ૮ તારીખે નોકરીએ ગઈ ત્યારે રાધિકાએ મેસેજ કરી સાંજે બેડી ચોકડીએ મળવાનું કહેતા હું ત્યાંથી સાંજે છૂટીને પિતાના મિત્ર જગદીશભાઈના બાઈકમાં બેસી બેડી ચોકડી પહોચી હતી ત્યાંથી રાધિકાને બેસાડી ગ્રીનલેન્ડ ચોકડી તરફ રવાના થયા હતા.

દરમિયાન રાધિકાનો ભાઈ વિશાલ ટ્રક લઈને પસાર થતા અમને આંતરી ક્યાં રખડો છો તમને ભેગા થવાની ના નથી પાડી કહી ચાલો ઘરે જવું છે કહી ટ્રકમાં બેસાડી નવાગામમાં લઇ ગયો હતો અને ના પાડી તો પણ કેમ ભેગા રખડો છો કહી બંનેને ફડાકા ઝીકી, ઢીકાપાટુનો માર માર્યો હતો તેમજ લોખંડનો પાઈપ હાથમાં મારતા ફ્રેક્ચર જેવી ઈજા થઈ હતી બાદમાં તેની માતાને ફોન કરી આ બંનેને અહીંથી લઇ જાવ નહિ તો હું મારી નાખીશ તેવું કહેતા અમને ઘરે લઇ ગયા બાદ ૧૦૮ મારફ્ત સિવિલ હોસ્પીટલે લઈ ગયા હતા અને ફરિયાદ નોંધાવતા પીઆઈ આર જી બારોટ સહિતે આરોપી વિશાલની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરના ચાર પોલીસ મથકોના પીએસઆઈની અરસ પરસ બદલી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ દ્વારા બદલીનો ગંજીપો ચીપાયો છે.જેમાં માલવિયાનગરના બે, તાલુકા અને બી ડિવિઝન પોલીસ મથકના કુલ ચાર પીએસઆઈની આંતરિક બદલી કરવામાં આવી છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરે તેના તાબા હેઠળ આવતા પોલીસ મથકોના ચાર ફોજદારોની આંતરીક બદલીનો આદેશ કર્યો છે. જેમાં માલવીયાનગર પોલીસ મથકમાં ફરજ બજાવતા પીએસઆઈ એમ.એસ. મહેશ્વરીને થોરાળા પોલીસ મથકમાં મુકાયા છે. માલવીયાનગર પોલીસના બીજા એક પીએસઆઇ બી.બી.રાણાને બી ડીવીઝન પોલીસ મથકમાં મુકાયા છે.રાજકોટ તાલુકા પોલીસ મથકના પીએસઆઈ વૃજલાલ મોરવાડીયાને એરપોર્ટ પોલીસ મથકમાં બદલી કરી છે. એ ઉપરાંત બી ડીવીઝન પીએસઆઈ પી.બી.ત્રાજીયાને રાજકોટ તાલુકા પોલીસ મથકમાં બદલી મળી છે. આગામી સમયમાં હજુ પણ બદલીના ઓર્ડર થઈ શકે છે.

# લોનના હપ્તાની ઉઘરાણી બાબતે યુવાનને ધમકી આપી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરાતા ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રૈયાધાર વિસ્તારમાં રહેતા અને રિક્ષા - ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા યુવક પાસેથી - મોબાઈલના હપ્તાની ઉઘરાણી કરવા ટીવીએસ ૫ ફાઈનાન્સના બે શખ્સે ધમકાવી તેને જ્ઞાતિ '' પ્રત્યે અપમાનિત કરતા યુવકે ફિનાઈલ પી લીધું હતું જેથી તે મામલે યુનિવર્સિટી પોલીસે ગુનો - નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.વિગતો - મુજબ રૈયાધાર વિસ્તારમાં રહેતા ઘનશ્યામભાઈ ૫ નટુભાઈ પરમાર નામના ૨૦ વર્ષીય યુવકે નોંધાવેલી ૨ ફરિયાદમાં આરોપીમાં ટીવીએસ ફાઈનાન્સના કાનો અને મોહિતના નામ આપ્યા હતા.જેમાં તેને જણાવ્યું હતુંકે, તેને ત્રણ માસ પૂર્વે ઈશ્વર મોબાઈલ માં ટીવીએસ ફાઈનાન્સ મારફત હમે એક ૧૬,૫૦૦ નો મોબાઈલ ફોન લીધો હતો. ચલો તેને પેલો હપ્તો ભર્યો હતો ત્યારબાદ તેને પૈસાની સગવડ ન થતા હપ્તો ચૂકી ગયો.જેથી આરોપીઓએ તેને ફોન કરીને હપ્તાની ઉઘરાણી કરી ત્રાસ આપ્યો હતો. અને ઘનશ્યામભાઈ જ્ઞાતિ પ્રત્યેક અપમાનિત ર્ક્યા હતા જેથી તેને બંને યુવાનના ડરથી ફિનાઈલ ગટગટાવી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# શિહોરથી બાઈક ચોરી કરનાર રીઢો તસ્કર રાજકોટમાં ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સંવેદનશીલ જગલેશ્વર વિસ્તારમાં ભક્તિનગર પોલીસ મથકના પીઆઈ એમ.એમ.સરવૈયાની સુચનાથી પીએસઆઈ એમ.એન.વસાવા તથા કોન્સ્ટેબલ કરણભાઈ, અરવિંદભાઈ, રાજદિપસિંહ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે જંગલેશ્વરમાં આવેલ રાધાકૃષ્ણ નગરમાં એક શખ્સ ચોરાઉ બાઈક લઈને ઉભો રહેવાની હકીક્ત મળતા પોલીસે ઉપરોક્ત સ્થળે દોડી જઈ ગોદળ સનાભાઈ લધા (રહે મીઠાપુર જિલ્લો દેવભૂમી ારકા)ને અટકાયતમાં લઈ બાઈક નંબર જીજે.૪.સી.બી.૬૬૪૪ નંબરની એપ્લીકેશન મારફતે તપાસ કરતા તેના માલીક શિહોર તાલુકાના કાજાવદર ગામે રહેતા નારણભાઈ પતાભાઈ પરમાર હોવાનું ખુલતા પોલીસે ચોરાઉ બાઈક કબજે કરી બાઈક ચોર ગોદર લધા ની ધરપકડ કરી હતી આ શખ્સ અગાઉ દેવભૂમી ારકા, જામનગર સહિત અલગ-અલગ જિલ્લામાં સત્તરથી વધુ ચોરીના ગુનામાં પોલીસમાં પકડાય ગયો છે.



# મોરબી રોડ પર ટ્રકની ઠોકરે એકટીવા ચડી જતા મારવાડી કોલેજના આફ્રિકન વિદ્યાર્થીનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના મોરબી રોડ પર આવેલ રતનપર ગામે ગઈકાલ મોડીરાતે હિટ એન્ડ રનની ઘટના બનવા પામી છે જેમાં કાળમુખા ટ્રકે એક્ટિવા ચાલકને ઠોકર મારતા તેનું ઘટનાસ્થળે મોત નિપજ્યું છે. જ્યારે તપાસમાં જાણવા મળ્યું હતું કે, મૃતક યુવાન આફ્રિકાનો હોવાનું અને મારવાડી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હોવાનું જાણવા મળ્યું છે. બનાવની મળતી વિગતો મુજબ રતનપર ગામે પૂરપાટ ઝડપે જતાં ટ્રકે એક્ટિવાને ઠોકર મારતા ગોઝારો અકસ્માત સર્જાયો હતો જેમાં મારવાડી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા આફ્રિકન વિદ્યાર્થીનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. આ ઘટનાની જાણ થતાં કુવાડવા પોલીસ દોડી ગઈ હતી અને આફ્રિકન વિદ્યાર્થીના મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો અને અકસ્માત સર્જનાર ટ્રકચાલકની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



# કોઠારીયા મેઈન રોડ પર રણુજા મંદિર પાસે ડમ્પર ચાલકે બાઈકને હડફેટે લેતા પટેલ પ્રૌઢને ઈજા




(તસ્વીરઃ આનંદ જાવિયા)

કોઠારીયા રોડ પર આવેલા ધરમનગર માં રહેતા વિનોદભાઈ અરજણભાઈ રૈયાણી નામના પટેલ પ્રૌઢ ગઈકાલે સાંજના પોતાનું બાઈક નં.જી.જે.બી.સી.૨૩૪૭ નંબરનું લઈ જતા હતા. ત્યારે રણુજા મંદિર આગર કનૈયા ચોક પાસે પહોંચતા પૂરપાટ ઝડપે આવતા ડમ્પર નં.જી.જે.૧૦ એક્સ ૮૦૭૪ ના ચાલકે હડફેટે લઈ શરીરે ગંભીર ઈજા કરી અકસ્માત સર્જ્યો હતો બનાવના પગલે રાહદારીના પગલે ભેગા થઈ જતા પોલીસને બોલાવી ટ્રક ચાલકને પોલીસના હવાલે ર્ક્યો હતો.

# શ્રીહરી ઈન્સ્ટ્રીઝ નામના કારખાનામાંથી ૧૩૮ બોટલ દારૂ સાથે માલીક પકડાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

ભકિતનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ઢેબર રોડ ખોડિયાર એસ્ટેટ વિસ્તારમાં એક કારખાનામાં પોલીસે દરોડો પાડી ૧૩૮ બોટલ વિદેશી દારૂ અને ૧૯૨ વિદેશી દારૂના ચપલા સાથે કારખાનેદારને દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ભક્તિનગર પોલીસ મથકના પીઆઈ એમ.એમ.સરવૈયાની સુચનાથી પીએસઆઈ એમ.એમ.વસાવા, કોન્સ્ટેબલ અરવિંદભાઈ, કરણભાઈઘ રાજદિપસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. ત્યારે ખાનગી રાહે બાતમી મળી હતી. કે ઢેબર રોડ પર ખોડિયાર એસ્ટેટ વિસ્તાર આવેલ શ્રીહરી ઈન્ડસ્ટ્રીઝ નામના કારખાનાના માલીકે વિદેશી દારૂનો જથ્થો ઉતારીયો હોવાની હકીક્તના આધારે પોલીસે ઉપરોક્ત કારખાનામાં દરોડો પાડતા વિદેશી દારૂની ૧૩૮ બોટલ તથા ૧૯૨ ચપલા સહિત કુલ રૂા.૯૭૮૦૦નો મુમાલ મળી આવતા કારખાનાના માલીક જયેશ ભીખા અમીપરા(રહે.સેટેલાઈટ સોપાન સોસાયટી શેરી.૨ તપોવન સ્કૂલની પાછળ ૧૫૦ રીંગ રોડ) નામના શખ્સની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

